ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
જલસેવા ભવન, છ રોડ, એરફોર્સ સામે, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
ટેલીફોન નં. ૯૧-૨૭૧૨-૨૨૪૨૩, ૨૨૪૧૭ ફેકસ-૯૧-૨૭૧૨-૨૯૦૭૯

જા.નં.: મુ.ઇ.(યા) / ૨૦૧૩ / ખુલ્લા કુવા / ૧૩૧ / એમ-૩ / ૧૩૭૨ તા.૨૭/૦૬/૨૦૧૩

પ્રતિ,
મુખ્ય ઇજનેરશ્રી,
ઝોન-૧,૨, ૩, ૪, ૫,
ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ,
વડોદરા / અમદાવાદ / રાજકોટ / ભુજ/ જુનાગઢ.

**વિષય : અછત / અર્ધ અછતગ્રસ્ત વિસ્તારોમાં કરેલ બોર/કુવા સીલ કરવા બાબત.**

સંદર્ભ : (૧) ન.જ.સં.પા.પુ. અને કલ્પસર વિભાગ ગાંધીનગરના પત્ર નં.: સીએમઇ/૧૦૨૦૧૩/ ૮૮૦/(૧૨)/પી તા.૧૮/૬/૧૩.
(૨) બોર્ડ કચેરીના પરિપત્ર નં.:મુ.ઇ.(યાં)/ ૨૦૦૭ / બોર અકસ્માત/ એમ-૩/૫૮૨ તા.૨૫/૪/૨૦૦૭.

સંદર્ભિત પત્રથી ગુજરાત સરકારશ્રી દ્વારા ખુલ્લા રહેલ બોર / કુવાઓમાં બાળકો પડી જવાની કમનસીબ ઘટનાઓ સંદર્ભે જરૂરીયાત ન હોય તેવા બોર/કુવા પંચોની હાજરીમાં રોજકામ કરી યોગ્ય રીતે સીલ કરવા તથા તેનો રેકર્ડ નિભાવવા સૂચના આપેલ છે. પત્રની નકલ આ સાથે સામેલ છે.

બોર સીલ કરવા બાબતે સંદર્ભિત પત્ર-(૨)થી પણ બોર્ડ કચેરીની માર્ગદર્શીકાઓ આપને મોકલેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે.

બન્ને પત્રોની માર્ગદર્શીકાઓના આધારે બિન ઉપયોગી / બિન વપરાશમાં પડેલ બોર/કુવાને સીલ કરવાની કામગીરી તુરંત હાથ ધરી અહેવાલ સાદર કરશો.

કાર્યરત હોય તેવા બોર/કુવામાં અકસ્માતે કોઇ ન પડે તે માટે અવારનવાર સૂચનાઓ પાઠવેલ છે. જે અન્વયે જરૂરી સૂચનાઓ / પાળીઓ / તારની વાડ વગેરે કાર્યવાહી થાય તેનું પણ ધ્યાન રાખવા દરેક ક્ષેત્રિય કચેરીને સૂચના આપવા જણાવવામાં આવે છે.

સદર બાબતે નામદાર સુપ્રિ. કોર્ટ દ્વારા ગંભીર નોંધ લેવામાં આવેલ હોઇ, કામગીરીને ટોચ અગ્રતા આપવા જણાવવામાં આવે છે.

બિડાણ : ઉપર મુજબ પત્ર-૧ તથા ૨

( જે. સી. પટેલ )
મુખ્ય ઇજનેર (યાંત્રિક)

નકલ સાદર રવાના :-
- અંગત મદદનીશશ્રી, માન. અગ્રસચિવશ્રી, (પા.પુ.વિભાગ) કાર્યાલય તરફ જાણ સારૂ.
- અંગત મદદનીશશ્રી, માન. સભ્ય સચિવશ્રી કાર્યાલય તરફ જાણ સારૂ.

નકલ શુભેચ્છા સહ રવાના :-
- મુખ્ય ઇજનેરશ્રી, (મો. તથા પ્લા.) બોર્ડ કચેરી ગાંધીનગર તરફ જાણ સારૂ.
- નાણાં નિયંત્રકશ્રી, ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના સહ રવાના
- અધિક્ષક ઇજનેરશ્રી ........................ સર્વે તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

Technical Cell
G. W. S. & S. B
Gandhinagar.
In. No. 2892
Date 28/6/2013

300